દૈનિક
# સત્યની શોધ

RNI No. : GujGuj/2017/72587

Email:satyanisodhdaily@gmail.com

SATYANISODH (DAILY)

સત્ય સાથે ચાલતું, ભ્રષ્ટાચાર સામે લડતું

satyanisodh satyanisodh

Dhruv Pathak 884 924 3474

Website:www.satyanisodh.in

વર્ષ : ૮ ● અંક :૨૬૨ ● તારીખઃ ૧૮-૦૯-૨૦૨૪, બુધવાર ● વિક્રમ સંવત ૨૦૮૦, ફાગણ સુદ-૬ ● કિંમત : ૩-૦૦ રૂપિયા ● મુખ્ય કાર્યાલય : ૨૩, મનમોહનપાર્ક, તા.વાઘોડિયા, જી.વડોદરા

OWNER PANKAJ JAIN ....9737 3737 05 "EDITOR IN CHIF NILESH PATHAK. 957 474 7458 "SAB EDITOR... NAGIN BHARATI GOSWAMI 9624 962 396 SNS WEB NEWS "DHRUV PATHAK 884 924 3474

### અરવિંદ કેજરીવાલે દિલ્હીના મુખ્યમંત્રી પદેથી આપ્યું રાજીનામું

# દિલ્હી સરકારમાં મંત્રી રહી ચૂકેલા આતિશી મુખ્યમંત્રીનું પદ સંભાળશે

નવી દિલ્હી,તા.૧૭ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. હવે દિલ્હી સરકારમાં મંત્રી રહી ચૂકેલા આતિશી મુખ્યમંત્રીનું પદ સંભાળશે. સીએમ કેજરીવાલના રાજીનામા બાદ ગોપાલ રાયે કહ્યું કે સીએમ કેજરીવાલે પોતાનું રાજીનામું લેફ્ટનન્ટ ગવર્નરને સોંપી દીધું છે. અમે લેફ્ટનન્ટ ગવર્નરને પાર્ટીના નિર્ણય વિશે જણાવી દીધું છે કે આતિશીએ સરકાર બનાવવાનો દાવો કર્યો છે. એલજી પાસેથી માંગણી કરી કે વહેલી તકે શપથ યોજવામાં આવે. અરવિંદ કેજરીવાલના રાજીનામા પછી આતિશીએ સરકાર બનાવવાનો દાવો કર્યો અને લેફ્ટનન્ટ ગવર્નરને ધારાસભ્યોના સમર્થનનો પત્ર સુપરત કર્યો. આ દરમિયાન સમગ્ર કેબિનેટ લેફ્ટનન્ટ ગવર્નર સચિવાલયમાં હાજર હતું.મુખ્યમંત્રીના રાજીનામાની સાથે સમગ્ર મંત્રીમંડળે પણ રાજીનામું આપી દીધું હતું. આ પછી લેફ્ટનન્ટ ગવર્નર દ્વારા આપવામાં આવેલા સમયે નવી સરકારને શપથ ગ્રહણ કરવામાં આવશે. ત્યારબાદ નવા મુખ્યમંત્રી નવા મંત્રીમંડળની પસંદગી કરશે.દિલ્હીના નવા સીએમ આતિશીએ કહ્યું કે કેન્દ્ર સરકારની તપાસ એજન્સી દ્વારા અરવિંદ કેજરીવાલ પર ખોટા આરોપો લગાવવામાં આવ્યા છે. તમામ કેન્દ્રીય એજન્સીઓને તેમની પાછળ છોડી દેવામાં આવી હતી. છ મહિના જેલમાં રાખ્યા. સર્વોચ્ચ અદાલતે નિર્દોષ જાહેર કર્યા. કેન્દ્ર સરકારની એજન્સી પર તીખી ટિપ્પણી કરી. કેન્દ્ર સરકારની એજન્સીને પાંજરામાં બંધ પોપટ કહ્યા. અરવિંદ કેજરીવાલે જે નિર્ણય લીધો તે વિશ્વના ઈતિહાસમાં ભાગ્યે જ કોઈએ લીધો હશે. તેમણે કહ્યું કે મને દિલ્હીની જનતાનો નિર્ણય જોઈએ છે.

## સાવરકુંડલા ટાઉનમાં લુંટ કરનાર આરોપીને ગણતરીની કલાકોમાં લુંટના મુદ્દામાલ તથા ચોરીના મોટર સાયકલ સાથે પકડી વાહન ચોરીનો અનડીટેકટ ગુનો ડીટેકટ કરતી એલ.સી.બી. તથા સાવરકુંડલા ટાઉન પો.સ્ટે. ટીમ

**ગોરધન દાફડા અમરેલી**



ચંપાબેન બાબુભાઈ ચોટલીયા, ઉ.વ.૬૫, રહે.સાવરકુંડલા, ગણેશવાડી વાળા ગઈ કાલ તા.૧૪/૦૯/૨૦૨૪ ના રોજ સવારના સાડા છએક વાગ્યે સાવરકુંડલામાં રઘુવંશીપરમાં આવેલ રામજી મંદીરે દર્શન કરીને પોતાને ઘરે ચાલીને જતા હોય તે દરમિયાન એક અજાણ્યા ઈસમ મોટર સાયકલ લઈ આવી ચંપાબેનને ધક્કો મારી પછાડી દઈ, બન્ને કાનમાં પહેરેલ સોનાની કડી કિ.રૂ.૩૦,૦૦૦/- ની આંચકો મારી લુંટ કરી નાશી જઈ ગુનો કરેલ હોય, જે અંગે ચંપાબેન પોતાની ફરીયાદ જાહેર કરતા અજાણ્યા આરોપી વિરુધ્ધ સાવરકુંડલા ટાઉન પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૩૦૫૨૨૪૦૩૯૭/૨૦૨૪, બી.એન.એસ. કલમ ૩૦૯(૬) મુજબનો ગુનો રજી. થયેલ.

ભાવનગર રેન્જ આઈ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબ નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં બનતા મિલકત સબંધી અનડીટેકટ ગુન્હાઓ ડીટેક્ટ કરવા સૂચના આપેલ હોય, અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ નાઓએ અમરેલી જિલ્લામાં બનવા પામેલ મિલકત સબંધી ગુન્હાઓના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અને વણશોધાયેલ ગુનાઓ ડીટેક્ટ કરવા અમરેલી એલ.સી.બી. ટીમને માર્ગદર્શન આપેલ હતું.

જે અન્વયે સાવરકુંડલા ડીવીઝનના મ.પો.અધિ.શ્રી વલય વૈદ્ય સાહેબ નાઓની રાહદબરી હેઠળ અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. શ્રી એ.એમ.પટેલ તથા સાવરકુંડલા પો.સ્ટે. પોલીસ ઈન્સ. શ્રી ડી. કે. વાઘેલા નાઓએ એલ.સી.બી. તથા સાવરકુંડલા ટાઉન પો.સ્ટે.ની ટીમો બનાવી, ઉપરોકત લુંટના ગુનાના આરોપીને બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે લુંટના મુદ્દામાલ તથા ધોળા રેલ્વે પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ચોરી થયેલ મોટર સાયકલ સાથે પકડી પાડી, લુંટ તેમજ મોટર સાયકલ ચોરીનો અનડીટેકટ ગુનો ડીટેકટ કરવામાં સફળતા મળેલ છે.

પકડાયેલ આરોપીની વિગતઃ-

અરવિંદ સોમાભાઈ નગવાડીયા, ઉ.વ.૨૮, રહે. સાવરકુંડલા, ગણેશવાડી. તા.સાવરકુંડલા, જિ.અમરેલી,

રીકવર કરેલ મુદ્દામાલની વિગતઃ-

સોનાની કડી નંગ-૨, કિ.રૂ.૨૫,૦૦૦/- તથા એક હીરો કંપનીનું ડીલક્ષ મોટર સાયકલ રજી.નં.જી.જે.૧૧ સી.જી.૫૮૮૫ કિ.રૂ. ૧૫,૦૦૦/- મળી કુલ કિ.રૂ.૪૦,૦૦૦/- નો મુદ્દામાલ

ડીટેકટ કરેલ ગુનાઓની વિગતઃ-

આ કામના પકડાયેલ આરોપીઓએ સાવરકુંડલા રેલ્વે સ્ટેશન વિસ્તારમાંથી મોટર સાયકલની ચોરી કરી બાદ લુંટના ગુનાના અંજામ આપેલ હોય, નીચે મુજબના લુંટ તથા મોટર સાયકલ ચોરી બન્ને ગુનાઓ ડીટેટક કરવામાં આવેલ છે.

(૧) સાવરકુંડલા ટાઉન પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૩૦૫૨૨૪૦૩૯૭/૨૦૨૪, બી.એન.એસ. કલમ ૩૦૯(૬) મુજબ. (૨) ધોળા રેલ્વે સ્ટેશન પો.સ્ટે.ગુ.ર.નં. ૧૧૯૯૪૦૦૩૨૪૦૦૩૦/૨૦૨૪, બી.એન.એસ. કલમ ૩૦૩(૨) મુજબ.

આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ સાવરકુંડલા ડીવીઝનના મ.પો.અધિ.શ્રી વલય વૈદ્ય સાહેબ નાઓની રાહદબરી હેઠળ અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. શ્રી એ.એમ.પટેલ તથા એલ.સી.બી. ટીમ તથા સાવરકુંડલા ટાઉન પો.સ્ટે. પોલીસ ઈન્સ. શ્રી ડી.કે.વાઘેલા તથા સાવરકુંડલા ટાઉન પો.સ્ટે. ટીમ દ્વારા કરવામાં આવેલ છે.

## રાજકોટ મધ્યસ્થ જેલમાંથી પેરોલ રજા ઉપર છુટી ફરાર પાકા કામના કેદીને પકડી પાડતી અમરેલી એલ.સી.બી.

**તશ્વીર. ગોરધન દાફડા અમરેલી**



ભાવનગર રેન્જ આઈ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબ નાઓએ રેન્જના જિલ્લાઓમાં ગુનાઓ કરી, નાસતા ફરતા આરોપીઓને તથા જેલમાંથી ફરાર કેદીઓને પકડી પાડવા સુચના આપેલ હોય, અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ નાઓએ અમરેલી જિલ્લામાં શરીર સબંધી અને મિલકત સબંધી ગુનાઓ આચરી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતાં આરોપીઓ તથા જેલમાંથી પેરોલ/ફર્લો તથા વચગાળાના જામીન પરથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ.


જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ.શ્રી એ.એમ.પટેલ નાઓની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ દ્વારા વિસાવદર પો.સ્ટે. (જિ.જુનાગઢ) ગુ.ર.નં. ૧૧૨૦૩૦૨૦૦૩૬૬/૨૦૨૦, આઈ.પી.સી. કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬ વિ. મુજબના ગુનાના કામે રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે પાકા કામના કેદી નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમ આધારે તા.૦૧/૦૮/૨૦૨૪ ના રોજ પેરોલ રજા ઉપર મુક્ત થયેલ હોય અને મજકુર કેદીને તા.૦૯/૦૮/૨૦૨૪ ના રોજ રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે હાજર થવાનું હતું પરંતુ તે જેલમાં હાજર થવાને બદલે ફરાર થઈ ગયેલ હોય, મજકુર કેદીને બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે આજ રોજ તા.૧૬/૦૯/૨૦૨૪ ના રોજ પકડી પાડી, રાજકોટ મધ્યસ્થ જેલ હવાલે મોકલી આપેલ છે.

પકડાયેલ કેદીનું નામઃ-

રાજેશભાઈ દડુભાઈ સોલંકી, ઉ.વ.૩૧, રહે.તોરી, સરકારી દવાખાના પાછળ, તા.વડીયા, જિ.અમરેલી.

આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ.શ્રી એ.એમ.પટેલ તથા હેડ કોન્સ. આદિત્યભાઈ બાબરીયા, કુલદીપભાઈ દેવભડીંગજી દ્વારા કરવામાં આવેલ છે.

## ભગવાન શ્રી કૃષ્ણનું નિર્મળ જળ સ્નાન કરાવતા ભાવિકો : ગમાપીપળીયામાં જલજીલણી એકાદશીની ઉજવણી







**રિપોર્ટ નટવરલાલ ભાતિયા**

બાબરા ગમાપીપળીયામાં દર વર્ષે જલજીલણી એકાદશીના દિવસે સવારે શ્રી રામજી મંદિર એટલે કે ગામના ચોરેથી બાળકૃષ્ણને પાલખીમાં લઈ મંદિરના પૂંજારી તેમજ ગ્રામજનો, ભાવિક ભક્તો તબલાને તાલે, મંજીરાના નાદે વાંજતે-ગાજતે ઝુલણીયા બોલતા-બોલતા નદીએ લઈ જાય છે.અને નદીના નિર્મળ નીરમાં બાળ કાનુડાને સ્નાન કરાવીને પાલખીમાં પધરાવીને નદી કિનારે સમૂહમાં આરતી ઉતારીને વાજતે ગાજતે ગમાપીપળીયામાં શેરીએ શેરીએ-શેરી વળાવી સજજ કરૂ હરી આવો ને ગાતા ગાતા તેમજ ધુન, કીર્તન બોલતા બોલતા કાનુડાની સાથે પુજારી તેમજ ભક્તજનો શેરીઓમાં અને ઘેર ઘેર આગળ આરતી ઉતારી ગ્રામજનો દર્શનનો લાભ લે છે. સાંજે તેમના નિજ મંદિરમાં ભગવાનને ભાવથી બીરાજમાન કરે છે.અને ગામ ગોકળ્યું બની જાય છે

## શિશુવિહાર બાળ પુસ્તકાલય પ્રવૃત્તિ અંતગર્ત સતત ૧૬માં વર્ષે પ્રકૃતિ અને માનવ જીવન વિષયે ચિત્ર સ્પર્ધા

**રિપોર્ટ નટવરલાલ ભાતિયા**




ભાવનગર શિશુવિહાર બાળ પુસ્તકાલય પ્રવૃત્તિ અંતગર્ત સતત ૧૬ માં વર્ષે પ્રકૃતિ અને માનવજીવન વિષય પર તા.૨૯ સપ્ટેમ્બર રવિવાર ના રોજ સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ દરમિયાન સંસ્થા પ્રાંગણ માં ચિત્ર સ્પર્ધા યોજાશે આ સ્પર્ધા માં ભાવનગર ની કોઈ પણ શાળા માં અભ્યાસ કરતા ધોરણ ૬ થી ૧૨ ના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે.. સ્પર્ધા માં ચિત્ર માટે ૧૧ ઈંચ ઊંચાઈ તથા ૧૫ ઈંચ પહોળાઈ નો ડ્રોઈંગ પેપર સંસ્થા તરફ થી આપવામાં આવશે તથા રંગ અને નીચે રાખવાનું પેડ તથા અન્ય સામગ્રી વિદ્યાર્થીએ સાથે લાવવાની રહેશે.. સ્પર્ધકે ચિત્ર આડું ( લેન્ડ સ્કેપ સાઈઝ) વોટર કે એક્રેલીક કલર માં કરવાનું રહેશે..સ્પર્ધા માં પસંદગી પામેલ ૨૪ વિદ્યાર્થીઓનો વર્કશોપ કરવામાં આવશે અને તે વિદ્યાર્થી નું નામ તથા તેનો ફોટો અને શાળા ના નામ સાથે કેલેન્ડર માં પ્રકાશિત કરવામાં આવશે... ભાવનગર ના બાળ ચિત્રકારો એ આ સ્પર્ધા માં ભાગ લેવા માટે રજીસ્ટ્રેશન માટે શ્રી રમેશ ભાઈ ગોહિલ મો.૯૪૨૭૫૫૯૮૭૫ તથા ડૉ.અશોક ભાઈ પટેલ મો.૯૪૨૮૮૧૧૦૦૩ પર સંપર્ક કરવા અખબારી યાદી માં જણાવ્યું છે....

## આંતર રાષ્ટ્રીય હિન્દૂ પરિષદના ડો તોગડીયા સહિતના અગ્રણીઓનો ફરી એકવાર સૌરાષ્ટ્ર પ્રવાસ યોજાશે





**રિપોર્ટ નટવરલાલ ભાતિયા**

અમરેલી આંતર રાષ્ટ્રીય હિન્દૂ પરિષદ ના અધ્યક્ષ ડો પ્રવિણભાઈ તોગડીયા ફરી એકવાર સૌરાષ્ટ્ર પ્રવાસે રાષ્ટ્રીય અધ્યક્ષ આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ ના અસંખ્ય અગ્રણી રાષ્ટ્રીય બજરંગદળ રાષ્ટ્રીય છાત્ર પરીષદ રાષ્ટ્રીય કિસાન પરીષદ રાષ્ટ્રીય મજદૂર પરીષદ ઓજસ્વની બહેનો ના સંગઠનો દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાશે આંતરરાષ્ટ્રીય હિન્દૂ પરિષદ ના કાર્યક્રમો માં ઉત્સાહ અને ઉમંગ સાથે સંગઠન અગે ચર્ચા કરવામાં આવશે

હનુમાન ચાલીસા કેન્દ્ર ચલાવવામાં આવશે હિન્દુ ધર્મમાં ઉપાસના પદ્ધતિ અને પ્રયુક્તિ છે ત્યાં સૌરાષ્ટ્ર પ્રાંત ના પ્રવાસ રહેશે આગામી તા ૨૧/૦૯/૨૪ થી તા.૩૦/૦૯/૨૪ સુધી યોજાશે તેમજ વિર હનુમાન હિન્દુ સુરક્ષા યાત્રા સૌરાષ્ટ્ર પ્રાંત દરેક જિલ્લા કેન્દ્ર ઉપર મહાનગર તાલુકાના કેન્દ્ર ઉપર દરેક તાલુકા માં ૨૦ થી ૩૦ ગામ મા વિર હનુમાન હિન્દુ સુરક્ષા યાત્રા કરી ને જાગૃત કરવા પડશે વિવિધ સ્થળોએ કાર્યક્રમો કરી ને ૧ સૂદર હનુમાનજી મૂર્તિ લઈ ને જવાનું એક સ્થાન બીજા એમ દરેક સ્થળો એ હનુમાનજી ચાલીસા કેન્દ્રો ઉપર ચાલીસા પઠન યોજાશે તેમાં સૌરાષ્ટ્ર પ્રાંત મહામંત્રી શશીકાંતભાઈ પટેલ સૌરાષ્ટ્ર પ્રાંત ના ડો ગજેરા સહિત સૌરાષ્ટ્ર સંગઠન મહામંત્રી નિર્મળભાઈ ખુમાણ જોડાશે વિશેષ જાણકારી મેળવી લેવા નિર્મળભાઈ ખુમાણો નો અનુરોધ રાજકોટ સુરેન્દ્રનગર બોટાદ ભાવનગર અમરેલી ગીર સોમનાથ જુનાગઢ પોરબંદર દ્વારકા જામનગર મોરબી કચ્છ જિલ્લા ઓમાં જંગમી તીર્થંકર સમાં સંતો મહંતો ધાર્મિક સંસ્થાનો ની મુલાકાતો લેશે સંગઠનાત્મક કાર્યક્રમો માં રાષ્ટ્રીય કક્ષા એથી અનેક અગ્રણી જોડાશે

# શિનોર તાલુકાના સાધલી મુકામે આજે ગણેશ વિસર્જનના દિવસે પટેલવાળી મુકામેથી ડીજેના તાલે શોભાયાત્રા નીકળી





**હસમુખ પટેલ સાધલી.**
શિનોર તાલુકાના સાધલી મુકામે આજે ગણેશ વિસર્જનના દિવસે પટેલવાળી મુકામેથી ડીજેના તાલે શોભાયાત્રા નીકળી હતી અને બસ સ્ટેન્ડે ગરબાની રમઝટ જમાવી હતી, ગામના અન્ય નાના-મોટા ગણપતિ બાપા એ પણ બસ સ્ટેન્ડ પર ગરબો જમાવ્યો હતો. અને સાંજે ૪:૩૦ કલાકે બજાર ગણેશ યુવક મંડળ દ્વારા બેન્ડવાજા સાથે નીકળેલ વિસર્જન યાત્રામાં મોટી સંખ્યામાં ભાઈ બહેનો જોડાયા હતા અને વેશભૂષા તથા એક સરખા ડ્રેસ સાથે બસ સ્ટેન્ડ ઉપર ગરબાની રમઝટ જમાવી હતી ,જે જોઈને આગામી નવરાત્રી ની યાદ આવી ગઈ હતી. ગણપતિ બાપા નું માલસર નર્મદા મૈયા,તથા નારેશ્વર નર્મદા મૈયા મુકામે વિસર્જન કરાયું હતું, જ્યારે બજારના ગણેશ મંડળ દ્વારા ઈકો ફ્રેન્ડલી ગણપતિ બાપા ની મંદિરે વિશાળ ટબમાં વિસર્જન કરી આરતી પછી ભંડારો રાખવામાં આવેલ હતો.

# દસમા દિવસે અનંત ચૌદશના અતિથ્ય માણી સર્જનહાર ની યાદ અપાવતો આ પર્વ પ્રસંગે ભક્તો દ્વારા શહેરના આશરે ૧૫૦ જેટલા ગણપતિ વિસર્જન યાત્રા કાઢવામાં આવી






**યુસુફ ફાતીયા- ડભોઈ**
ડભોઈ શહેર તાલુકામાં ગણેશ ચતુર્થી પર્વ પ્રસંગે ગણેશજી ની સ્થાપના કરવામાં આવી હતી જે આજે દશ દિવસ નું આતિથ્ય માણી અનંત ચૌદશના દિવસે વાજતે ગાજતે ઢોલ નગારા ના ગગનભેદી નારા સાથે વિસર્જન યાત્રા નગરના વિવિધ માંગો પર કાઢવામાં આવી હતી. જેનું સર્જન છે એનું વિસર્જન છે એ યાદ અપાવતો આ પર્વની હીરા ભાગોળ બહાર કુત્રિમ તળાવ અને શીતળાઈ તળાવ ખાતે ગણેશજીનુ વિસર્જન કરવામાં આવ્યું હતું.ડભોઈ શહેર તાલુકામાં દસ દિવસ પહેલા ગણેશજી ની સ્થાપના કરવામાં આવી હતી આજે દસમા દિવસે અનંત ચૌદશના અતિથ્ય માણી સર્જનહાર ની યાદ અપાવતો આ પર્વ પ્રસંગે ભક્તો દ્વારા શહેરના આશરે ૧૫૦ જેટલા ગણપતિ વિસર્જન યાત્રા કાઢવામાં આવી હતી જે શહેરના વિવિધ માંગો થઈ ટાવર ચોક આવતા ડભોઈ ના લોકલાડીલા ધારાસભ્ય શ્રી શૈલેષભાઈ મહેતા નગરપાલિકા પ્રમુખ બિરેનભાઈ શાહ ગુજરાત પ્રદેશ ભાજપ સમિતિના સદસ્ય અને વડોદરા જિલ્લા કેળવણી મંડળના પ્રમુખ શશીકાંતભાઈ પટેલ વડોદરા જિલ્લા મહામંત્રી ડોકટર બીજે બ્રહ્મભટ્ટ ભાજપ મહીલા મોરચા ના પ્રમુખ સોનલબેન કિશોરભાઈ સોલંકી અનસુયાબેન વસાવા નગરપાલિકા સદસ્ય જકીય અગ્રણીઓ અને આગેવાનોએ ગણેશજીની મૂર્તિનુ ફૂલહાર કરી સ્વાગત કરવામાં આવ્યું હતું ત્યારબાદ હીરાભાગોળ બહાર કુત્રિમ તળાવ અને શિતળાઈ તળાવ ખાતે ભગવાન ગણેશજીની મૂર્તિ ની પૂજા અર્ચના આરતી કરી વાજતે ગાજતે આવતા વર્ષે પધારજો ના ગગન ભેદી નારા સાથે વિદાય આપી વિસર્જન કરવામાં આવ્યું હતું. કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે જિલ્લા પોલીસવડાની સૂચના મુજબ ડીવાયએસપી શ્રી આકાશ પટેલ પોલીસ ઈન્સ્પેક્ટર કે જે ઝાલા તમામ પીએસઆઈ શ્રીઓ પોલીસ કર્મચારીઓ હોમગાર્ડ અને જીઆરડી ના જવાનોએ ખડે પગે ચુસ્ત બંદોબસ્ત જાળવ્યો હતો.

# દામનગરમાં સ્ટુડન્ટ પોલીસ કેડેટ કેમ્પ યોજાયો



**રિપોર્ટ નટવરલાલ ભાતિયા**
દામનગર ગુજરાત રાજ્ય સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત પોલીસ વિભાગ અમરેલીના માર્ગદર્શન તળે દામનગર પોલીસ સ્ટેશન સંચાલિત સ્ટુડન્ટ પોલીસ કેડેટના તારીખ ૧૪/૦૯/૨૪ થી ૧૬/૦૯/૨૪ દિન -૩ સુધીનો

બિનનિવાસી તાલીમ કેમ્પનું દામનગર પે સેન્ટર શાળા નં -૧ માં આયોજન કરવામાં આવ્યું. આ આયોજનમાં ધોરણ આઠ અને ધોરણ નવના એસપીસીના બાળકોને ખૂબ સારી પ્રવૃત્તિઓ કરાવવામાં આવી બાળકોના સર્વાંગી વિકાસ માટે આવા રજાના સમયમાં બાળકોને વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે કેડેટ શું બનવા માંગે છે,વિવિધ રમતો,પપેટ તથા કઠપૂતળી શો,ફિલ્મ શો,વિશેષ વ્યક્તિ દ્વારા કારકિર્દી માર્ગદર્શન, સ્વચ્છતા, પર્યાવરણ જાગૃતિ અને સલામતી, ,સમૂહ ભોજન,પુસ્તક સમીક્ષા, બાળકો દ્વારા વિવિધ વ્યવસાયકારો ના રોલ પ્લે તેમજ બાળકોના સર્વાંગી વિકાસને અનુરૂપ જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું. આ કેમ્પ દામનગર પો.સ્ટેશન પી.આઇ. રાવલ , કોમ્યુનિટી પોલીસ અધિકારી આર. ડી.હેલૈયા,મનીષાબેન અગ્રાવત તેમજ ડ્રીલ ઈન્સ્ટ્રક્ટર આશાબેન દ્વારા કેડેટને માર્ગદર્શન પૂરું પાડી કેમ્પને સફળ બનાવેલ.

## 'વિરાટ નારાયણ વન' શ્રી નારાયણ આરોગ્યધામ તાજપુરા ખાતે અન્નપુર્ણા ટ્રસ્ટ તથા વન વિભાગ પંચમહાલના સંયુક્ત ઉપક્રમે'એક વૃક્ષ નારાયણ બાપુકે નામ' ઓર વૃક્ષ માં કે નામ" અંતર્ગત મહા વૃક્ષારોપણ કાર્યક્રમ ભાદરવા સુદ પુનમના દીવસે યોજાશે

**મહેન્દ્રસિંહ સોલંકી.હાલોલ પંચમહાલ**
હાલોલ તાલુકામાં આવેલા શ્રી નારાયણ ધામ તાજપુરા ખાતે શ્રી નારાયણ બાપુની પાવન ભૂમિ પર શ્રી નારાયણ આરોગ્યધામ ટ્રસ્ટ તથા પંચમહાલ વન વિભાગ ના સંયુક્ત ઉપક્રમે સોમવારના રોજ પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી જેમાં હાલોલ તથા વડોદરા ના પત્રકાર શ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા જેમાં તારીખ ૧૮મી સપ્ટેમ્બર ના રોજ ભાદરવી પૂનમના દિવસે શ્રી નારાયણ બાપુની પાવનધરા ખાતે મહાવૃક્ષારોપણ અભિયાન થઈ રહેલ છે જે કાર્યક્રમમાં તમામ વ્યક્તિઓએ એક પેડ મા કે નામ ઓર એક પેડ નારાયણ બાપુ કે નામ અંતર્ગત મહાવૃક્ષારોપણ કરવાનું આયોજન કરવામાં આવેલ છે જેમાં એક જ સમયે એક જ સ્થળે ૧૩,૫૫૧ જેટલા વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવનાર છે જેમાં શ્રી નારાયણ પરિવારના દરેક ભક્તો પ્રાકૃતિક કૃષિના ખેડૂતો પૂર્વ સૈનિકો તથા વિદ્યાર્થીઓ અને સામાજિક સંસ્થાના અગ્રણીઓ તેમજ આજુબાજુના ગ્રામજનો સરપંચો સહિત ૧૩,૦૦૦ કરતા વધુ લોકોની ઉપસ્થિતિમા મહા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાનાર છે×એક વૃક્ષ નારાયણ બાપુજી કે નામ "એક વૃક્ષ માં કે નામ× જેમાં આયુર્વેદિક ઔષધિ પાંચલાખ (૫,૦૦,૦૦૦) વૃક્ષો નું રોપણ - જતન તથા ઉછેર કરી ×વિરાટ નારાયણ વન × નો સંકલ્પ કરવામાં આવ્યો.

શ્રી નારાયણ આરોગ્યધામ અન્નપૂર્ણા ટ્રસ્ટ ના ટ્રસ્ટી રાજેશભાઈ રાજગોર, જયંતિભાઈ પંચાલ તથા સુનિલભાઈ શાહ એક સયુક્ત પ્રેસ કોન્ફરન્સ માં જણાવ્યું કે વિરાટ નારાયણ વન અભિયાન ના ભાગ રૂપે શ્રી નારાયણ આરોગ્યધામ અન્નપુર્ણા ટ્રસ્ટ - તાજપુરા તથા વન વિભાગ - પંચમહાલ ના સયુક્ત ઉપક્રમે ભાદરવા સુદ પુનમ 'તા.૧૮/૦૯/૨૦૨૪ ને બુધવાર ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે માનનીય મૂળુંભાઈ બેરા વનમંત્રી (કેબિનેટ) ગુજરાત રાજય ના અધ્યક્ષ સ્થાને તથા મુકેશ પટેલ વન મંત્રી (રાજયકક્ષા) ની વિશેષ ઉપસ્થિતિમાં ૧૧,૧૧૧ (અગીયાર હજાર એકસો અગીયાર) વૃક્ષોના રોપણ નો કાર્યક્રમ આયોજીત કરેલ છે. આ કાર્યક્રમ માં જશુભાઈ રાઠવા - સોસદ (છોટાઉદેપુર), રાજપાલસિંહ જાદવ- સાંસદ, ડૉ.જશવંતસિંહ પરમાર - રાજ્યસભા સાંસદ, (ગોધરા), પંચમહાલ જી.પં. પ્રમુખ રેણુકાબેન ડાયરા, જયદ્રથસિંહ પરમાર ધરાસભ્ય હાલોલ, ફતેસિંહ ચૌહાણ ધારાસભ્ય કાલોલ, જેઠાભાઈ ભરવાડ ધારાસભ્ય શહેરા, સી.કે. રાઉલજી ધારાસભ્ય ગોધરા, નિમીષાબેન સુથાર ધરાસભ્ય મોરવા હડફ, તથા મોટી સંખ્યામાં નારાયણ પરિવાર ના સભ્યો તથા ભક્તો ઉપસ્થિત રહેશે. કાર્યક્રમ ના અંતે શ્રી નારાયણ આશ્રમ તરફથી મહાપ્રસાદ નું આયોજન કરવામાં આવેલ છે જેમ સૌ પરિયાવરણ પ્રેમી ભક્તોને જોડવા જણાવેલ છે

# ડભોઇ શહેરમાં ધારાસભ્યશ્રીની અધ્યક્ષતામાં સ્વચ્છતા હી સેવાનો કાર્યક્રમ જેઠવાણી હોલ, ડભોઇ ખાતેથી યોજવામાં આવ્યો




**યુસુફ ફાતીયા ડભોઈ**
ગુજરાત ભરમાં સ્વચ્છતા હી સેવા ૨૦૨૪ અંતર્ગત તારીખ ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૪ થી તારીખ ૦૨ ઓક્ટોબર ૨૦૨૪ સુધી યોજાનાર છે. આજરોજ તારીખ ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૪ ડભોઈ શહેર માં ધારાસભ્યશ્રી શૈલેષભાઈ મહેતાની અધ્યક્ષતામાં આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ધારાસભ્યશ્રી એ જણાવ્યું હતું કે સ્વભાવ સ્વચ્છતા અને સંસ્કાર સ્વચ્છતાના ધ્યેય સાથે આ ૧૦મા વર્ષે સ્વચ્છતા હી સેવા અભિમાન શરૂ કરાયેલ છે. સફાઈ - સ્વચ્છતા ની શ્રેષ્ઠતા માટે જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ પુરસ્કાર પણ આપવામાં આવશે. વડાપ્રધાનશ્રી નો સંકલ્પ એક પેડ માં કે નામ જન - જન સુધી પહોંચાડવામાં આવે છે.

ડભોઈ નગરપાલિકાના ચીફ ઓફિસર જયકિશન તડવી નગરપાલિકા પ્રમુખભાઈ બિરેન શાહ જિલ્લા મહામંત્રી ડોક્ટર બી જે બ્રહ્મભટ્ટ, પ્રદેશ કારોબારી સભ્યશ્રી શશીકાંતભાઈ પટેલ, સેનેટરી ઈસ્પેક્ટર મહેશભાઈ વસાવા, મેનેજર મહેશભાઈ પરમાર તથા નગરપાલિકાના સભ્યશ્રીઓ, નગરજનો અને કર્મચારીઓ મોટી સંખ્યામાં જોડાયા અને સ્વચ્છતા અંગે ના શપથ પણ લીધા હતા. એક પેડ માં કે નામ અંતર્ગત ધારાસભ્યના હસ્તે વૃક્ષા રોપણ કાર્યક્રમ પણ કરવામાં આવ્યો હતો.

સ્વચ્છતા હી સેવા ની સેલ્ફી સ્ટેન્ડ સાથે સેલ્ફી પણ લેવામાં આવી હતી. અને નગરજનો ને સ્વચ્છતા અંગે જાગૃત કરવામાં આવ્યા હતા.

# શિશુવિહાર સંસ્થા સંચાલિત મોંઘી બહેન બધેકા બાલમંદિરના આચાર્ય શ્રી અંકિતા બહેન ભટ્ટનું નેશન બિલ્ડર એવોર્ડ એનાયત થયો



**રિપોર્ટ નટવરલાલ ભાતિયા**
ભાવનગર શિક્ષણના માધ્યમથી સમાજ વિકાસમાં અનન્ય યોગદાન આપનાર ભાવનગર ની વિવિધ શાળા ના ૧૦ શિક્ષકો ને રોટરી કલબ ઓફ ભાવનગર વાઈબ્રન્ટ દ્વારા તા.૧૬ સપ્ટેમ્બર ના રોજ ૮.ઝ.ઈ.ઈ. ના પૂર્વ નિયામક ડૉ. નલિન ભાઈ પંડિત તથા રોટરી કલબ ના પૂર્વ ગવર્નર શ્રી તારક ભાઈ ધોળકિયા ના વરદ હસ્તે પ્રશસ્તથી પત્રથી અભિવાદન થયું પ્રતિવર્ષ ૪૦૦૦ થી વધુ બાળકો તથા ૮૦ થી વધુ વાલીઓને જીવન શિક્ષણ પ્રવૃત્તિ સાથે જોડવા ઉપરાંત ૭૦૦ થી વધુ વાલીઓને બાળ કેળવણી નું માર્ગ દર્શન આપતા શ્રી અંકિતાબેન ભટ્ટ શિશુવિહાર સંચાલિત બાલમંદિર ના અનુભવ વર્ગ ની ૫૦ બહેનોને મોન્ટેસરી ની તાલીમ આપી ઉત્તમ શૈક્ષણિક સેવાકીય કાર્ય હાથ ધર્યું છે... કેળવણીના માધ્યમથી સેવા ઉપક્રમ વહાવતા શિશુવિહારના વધુ એક સેવકનું અભિવાદન ગૌરવ બને છે.

# તારીખ ૧૬ સપ્ટેમ્બરને સોમવારનાં રોજ ઈનર વ્હીલ કલબ ઓફ અમરેલીનાં પ્રમુખ ડો. મિલી બેન ઠાકરનાં નેતૃત્વ હેઠળ 'ભાવશકિત' પ્રદર્શનનું આયોજન જેસિંગપરા કન્યાશાળા ખાતે યોજાયું







**રિપોર્ટર. ગોરધન દાફડા અમરેલી**

અમરેલી નગર સેવા શિક્ષણ સમિતિ ના અધ્યક્ષ તુષાર ભાઈ જોષી ની સંમતિ થી કરવામાં આવ્યું હતું. જે અમરેલીની અનેક શાળાઓનાં વિદ્યાર્થીઓ અને વાલીઓએ નિહાળ્યું હતું. આ પ્રદર્શન માં આત્મ રક્ષા, તંદુરસ્તી, એક નાગરિક તરીકે પોતાના હક્ક અને ફરજો, મહિલાઓની સલામતી અને સશક્તિકરણ સંબંધિત માહિતી, સ્ત્રીઓની પ્રેરણાત્મક કથાઓ તથા એ. આઈ. ટુલ્સ, એલાર્મ, ચીલી સ્પ્રે જેવા અનેક ઉપકરણોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ પ્રદર્શન મહારાષ્ટ્ર થી આવે છે.

ભાવશક્તિ પ્રદર્શન નાં માધ્યમ થી નારી ની સલામતી અને સશક્તિકરણ માટે જાગૃતિ લાવવાનો આ ભગીરથ પ્રયાસ કરવામાં આવેલ હતો. ઈનર વ્હીલ કલબ નાં જિલ્લા અધ્યક્ષ ભવીતા બેન દેઓરે એ આ પ્રદર્શન માટે મહારાષ્ટ્ર થી ખાસ ટીમ ઉપકરણો સાથે મોકલી હતી. આ પ્રદર્શનો લાભ આશરે ૬૫૦ જેટલાં વિદ્યાર્થીઓએ લીધેલ હતો. હિના બેન ભટ્ટ ની આગેવાની હેઠળ મૂક - બધિર શાળા નાં બાળકોને પણ આ પ્રદર્શન જોવા અને સમજવાનો લાભ મળેલ હતો. આ જાગૃતિ અભિયાન ને સફળ બનાવવામાં ઈનર વ્હીલ ક્લબ ઓફ અમરેલી નાં પ્રમુખ ડૉ. મિલીબેન ઠાકર, ઉપપ્રમુખ મતી જાનકી બેન અટરા, સચિવ મતી શિવાની બેન પરીખ, બીનાબેન ત્રીવેદી, નયના બેન આચાર્ય, પ્રજ્ઞાબેન ત્રીવેદી, ચેતના બેન પરસાનિયા, સંગીતા બેન જીવાણી તથા હર્ષાબેન પંડ્યા એ જહેમત ઉઠાવી હતી.

# પંચમહાલ ગોધરા તાલુકાના વડેલાવ ગામે ૧૦માં તબક્કાના સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરાયું

**મહેન્દ્રસિંહ સોલંકી.હાલોલ પંચમહાલ**

પંચમહાલ જિલ્લામાં આજથી ૧૦માં તબક્કાના સેવા સેતુ કાર્યક્રમનો પ્રારંભ થયો છે. જિલ્લાના સાત તાલુકાના અલગ અલગ સાત ગામોમાં સેવા સેતુ કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. જેમાં ગોધરા તાલુકાના વડેલાવ ગામે પણ સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો.

વડેલાવ ખાતે યોજાયેલ સેવા સેતુ કાર્યક્રમમાં આજુબાજુના ગામોના બહોળી સંખ્યામાં





લાભાર્થી - અરજદારોએ ભાગ લીધો હતો અને સ્થળ પર જ સરકારની વિવિધ યોજનાઓના લાભ તેમજ અન્ય વહીવટી કામોનો નિકાલ કરવામાં આવ્યો હતો. અહી સરકારશ્રીના વિવિધ વિભાગોની ૫૦થી વધુ યોજનાઓનો લાભ લાભાર્થીઓને સ્થળ પર જ આપવામાં આવ્યો હતો. જેમાં વિધવા સહાય, વૃદ્ધ સહાય, વ્હાલી દિકરી યોજના તેમજ રેશનકાર્ડ અને આધાર કાર્ડને લગતી તમામ કામગીરી સ્થળ પર જ કરવામાં આવી હતી. બીજી તરફ આરોગ્ય વિભાગ દ્વારા પણ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ આયુષ્યમાન કાર્ડ તેમજ એનસીડી સેલ દ્વારા સ્થળ પર જ બ્લડપ્રેશર, સુગર સહિતના રોગોનું નિદાન અને સારવાર પણ સ્થળ પર જ આપવામાં આવી હતી. સરકારના તમામ પ્રજાલક્ષી કામ કરતા તમામ વિભાગો એક સાથે એક જ સ્થળ પર આવી સ્થાનિકોને લાભ આપતા લાભાર્થીઓએ પણ સરકારનો આભાર માન્યો હતો.

# ફતેપુરા વિધાનસભાનો સેવા સેતુ કાર્યક્રમના ૧૦માં તબક્કાનો પ્રારંભ

## સરકારની અનેક યોજનાઓનો લાભ સ્થળ પર જ મળશેઃ ધારાસભ્ય રમેશભાઈ કટારા

**પ્રતિનિધિ દ્વારા**

રાજ્ય સરકારનો સેવા સેતુ કાર્યક્રમ સેવા સેતુના ૧૦માં તબક્કાનો પ્રારંભ થયો હતો. જેમાં ફતેપુરા વિધાનસભા માં આઈ કે દેસાઈ સ્કૂલ ખાતે

ધારાસભ્ય રમેશભાઈ કટારા ની ઉપસ્થિતિમાં પ્રારંભ કરવામાં આવ્યો હતો.વિવિધ યોજનાઓનો લાભ સ્થળ પર જ મળશે. તાલુકા વહિવટી તંત્ર ના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. રાજ્ય સરકારના વહીવટમાં ઝડપ વધે તે માટે એવા સેતુ કાર્યક્રમના ૧૦માં તબક્કાનો પ્રારંભ થયો છે ત્યારે ફતેપુરા વિધાનસભા વિસ્તાર નો સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેનો ફતેપુરા ખાતેથી ધારાસભ્ય રમેશભાઈ કટારા ના હસ્તે પ્રારંભ કરવામાં આવ્યો




હતો.સેવાસેતુ કાર્યક્રમમાં હેઠળ પ્રજાજનોને સીધો લાભ મળતા તેઓને સ્થજળ પર જ આવકના દાખલા, રેશનકાર્ડ, આધારકાર્ડ, મા-વાત્સલ્ય કાર્ડ, મા અમૃત્તમકાર્ડની અરજીઓનો સ્વીકાર, દિવ્યાંગ પ્રમાણપત્ર, વિધવા સહાય, વૃધ્ધ નિરાધાર સહાય જેવાં અનેક પ્રકારના પ્રમાણપત્રો સ્થળ પર જ મળી રહેશે.

સેવાસેતુ કાર્યક્રમથી નાગરિકોની રજુઆતોનો ઘરઆંગણે અને ઝડપી ઉકેલ મળે છે.આ કાર્યક્રમ માં ધારાસભ્ય રમેશભાઈ કટારા તાલુકા પંચાયત પ્રમુખ ભરત પારગી, જિલ્લા પંચાયત સભ્ય પ્રતાપભાઈ પારગી ડો અશ્વિનભાઈ પારગી તાલુકા ભાજપ પ્રમુખ રામાભાઈ પારગી મામલતદાર તાલુકા વિકાસ અધિકારી સહિત મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. એક પેડ માં કે નામ અંતર્ગત વુક્ષારોપણ કરવામા આવ્યુ હતુ.

# પંચમહાલ જિલ્લાના ઘોઘંબા ખાતે જિલ્લા કક્ષાનો દિવ્યાંગ સાધન સહાય વિતરણ કાર્યક્રમ યોજાયો

## જિલ્લા સમાજ સુરક્ષા કચેરી અને એલિમ્કો કંપનીના સહયોગથી ૨૮૩ લાભાર્થીઓને રૂ. ૩૧.૯૯ લાખના સાધનોનું વિતરણ કરાયું



**મહેન્દ્રસિંહ સોલંકી. હાલોલ પંચમહાલ**

પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાના કણબી-પાલ્લી ખાતેના શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે જિલ્લા કક્ષાનો દિવ્યાંગ સાધન સહાય વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. કેન્દ્ર સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા ૭૫ જગ્યાએ ભારત સરકારની એડીપ યોજના હેઠળ કેમ્પનું આયોજન કરાયું હતું, જે પૈકી પંચમહાલ જિલ્લાના ઘોઘંબા ખાતે પણ સાધન સહાય વિતરણ કેમ્પ યોજાયો હતો.

આ કેમ્પમાં મહાનુભાવોના હસ્તે ૨૮૩ જેટલા લાભાર્થીઓને ૨૧ પ્રકારના સાધનોની સહાય પૂરી પાડવામાં આવી હતી, જિલ્લાના સમાજ સુરક્ષા વિભાગ તથા એલિમ્કો કંપનીના સહયોગથી સાધન વિતરણ કરવામાં આવ્યાં હતા. જેમાં રૂ ૩૧.૯૯ લાખની કિંમતના ૩૯૦ સાધનોનું વિતરણ કરવામાં આવ્યું હતું.સદર કેમ્પમાં હલન-ચલનની દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગોને ૨૭ મોટરાઈઝડ સાયકલ, ૫૭ ટ્રાય સાયકલ, ૬૪ વ્હીલચેર, ૫૧ કેલીપર્સ, અને પ્રોસ્ટેસીસ, આંખોની ખામીવાળા દિવ્યાંગોને ૫૦ વોકીંગ સ્ટીક, ૦૪ બ્રેઈલકેન, ૦૫ બ્રેઈલકીટ, ૨૬ સુગમ્ય કેન, ૦૧ સ્માર્ટફોન વિથ સ્ક્રીનરીડીંગ,બધીરતાની દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગોને ૫૬ હિયરીંગ એઈડ, માનસિક રીતે દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગોને ૦૯ સીપી ચેરનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી રેણુકાબેન ડાયરા, હાલોલ ધારાસભ્ય જયદ્રથસિંહ પરમાર, કાલોલ ધારાસભ્ય ફતેહસિંહ ચૌહાણ,જિલ્લા કલેકટર આશિષ કુમાર,હાલોલ પ્રાંત અધિકારીશ્રી સહિત અન્ય અધિકારીશ્રીઓ તથા પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.







આજે અનંત ચૌદસ અને ગણેશ વિસર્જન બાદ તુરત કરજણ મુકામે કોટન ગ્રાઉન્ડ માં - સ્વામિનારાયણ મંદિર ની સામે, ×માં અંબે ચેરિટેબલ ટ્રસ્ટ× ધ્વારા નવરાત્રી નું આયોજન કરવામાં આવી રહયુ છે, ત્યારે પૂર્વ ધારાસભ્ય અને જિલ્લા ભાજપ પ્રમુખ સતિષભાઈ પટેલ કરજણ ભાજપા પ્રમુખ જયદીપસિંહ ચૌહાણે તે સ્થાને મંડપ મુહૂર્ત ની ધાર્મિક વિધિ કરી. વિધિ માં સાંઈ યુવા ગ્રૂપ ના આગેવાનો, કરજણ તાલુકા અને નગર ના સહકારી આગેવાનો, માજી કોર્પોરેટરો, અને નગરજનો હાજર રહયા હતા. અને આખું નગર ધાર્મિકતા થી રંગાયેલું દેખાઈ રહ્યું હતું.

# વડોદરા મંડળ દ્વારા પ્રતાપનગરમાં સેફ્ટી સેમિનારનું આયોજન : ડીઆરએમ દ્વારા જાગ્રત રેલ્વે કર્મચારીને પુરસ્કૃત કરાયા






વેસ્ટર્ન રેલવેના વડોદરા મંડળના પ્રતાપનગર ખાતે સેફ્ટી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મંડળના વરિષ્ઠ અધિકારીઓ અને સંરક્ષા સંબંધિત રેલવે કર્મચારીઓએ ભાગ લીધો હતો.

આ સંરક્ષા સેમિનારમાં મુખ્યત્વે ભારતીય રેલ્વેમાં થતા અકસ્માતોના કારણો અને તેને રોકવા માટે લેવામાં આવતા પગલાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી, જેમાં સક્રિય રેલ્વે કર્મચારીઓએ પણ પોતાના અનુભવો અને મંતવ્યો શેર કર્યા હતા.

સિનિયર મંડળ સંરક્ષા ઓફિસર શ્રી શરદ ગૌતમે જણાવ્યું હતું કે રેલ્વે કર્મચારીઓમાં સલામતી અંગે જાગૃતિ લાવવા, ફરજ પર હોય ત્યારે સતર્કતા અને સતર્કતાથી કામ કરવા અને સલામતી સંબંધિત મુદ્દાઓ અંગે અન્ય લોકોને જાગૃત કરવા માટે આ મહત્વપૂર્ણ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનાર દરમિયાન આસિસ્ટન્ટ ડિવિઝનલ સંરક્ષા ઓફિસર શ્રી અમિત રંજને રેલ્વે કર્મચારીઓને ફરજ દરમિયાન સાવચેત અને સાવધાન રહેવા જણાવ્યું હતું. કોઈપણ પ્રકારના ટ્રેક રિપેરિંગ દરમિયાન કોઈપણ શોર્ટકટ ન અપનાવો, શંટિંગ દરમિયાન સલામતીના નિયમોનું પાલન કરો. શંટીંગ ચળવળ દરમિયાન યોગ્ય બિંદુ સેટિંગની ખાતરી કરો. સેમિનારમાં અનુભવી ફિલ્ડ સ્ટાફ દ્વારા ભૂતકાળના અકસ્માતો, અસાધારણતા અને નિષ્ફળતાઓ પરના કેસ સ્ટડીઝ રજૂ કરવામાં આવ્યા હતા; આ અકસ્માતો/ અસામાન્યતાઓ તરફ દોરી ગયેલી ભૂલો અને શીખેલા પાઠની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ડીરેલટમેન્ટ હેડ ઓન કૉલિજન, NI વર્કિંગ દરમિયાન લેવાની સાવચેતી, યાર્ડ મેઈન્ટેનન્સ પ્રેક્ટિસ, શંટીંગ દરમિયાન લેવાતી સાવચેતી, લેવલ ક્રોસિંગની જાળવણી, વ્યક્તિગત સલામતી, કાર્યસ્થળની સલામતી, આરોગ્ય વગેરે જેવા વિષયો પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ સમય દરમિયાન, વળાંક, બ્રિજ, એલસી ગેટ, સ્ટેશન અને કાર્યસ્થળ પર સતત વ્હિસલ વગાડતી વખતે લોકો પાઈલટને આગળ વધવાની સૂચના આપવામાં આવી હતી.
,

આ સેમિનારમાં સંરક્ષા ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરનાર કુલ ૫૨ રેલ્વે કર્મચારીઓને મંડળ રેલ્વે મેનેજર શ્રી જીતેન્દ્રસિંહ દ્વારા મંડળ કક્ષાએ સંરક્ષા પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા હતા, જે અંતર્ગત પ્રમાણપત્રો અને મેડલ આપવામાં આવ્યા હતા.


સેમિનારના સમાપનમાં મંડળ રેલ્વે મેનેજર શ્રી જિતેન્દ્ર સિંઘે જણાવ્યું હતું કે ટ્રેનોના સલામત સંચાલનમાં સતર્ક રેલ્વે કર્મચારીઓ સૌથી મહત્વની ભૂમિકા ભજવે છે. અમારો પ્રયાસ એ છે કે સલામતી સંબંધિત વિવિધ વિભાગોના રેલ્વે કર્મચારીઓને એકસાથે લાવવા અને તેમને સલામતી વિશે જાગૃત અને સતર્ક બનાવવા, કામ દરમિયાન તેમના અનુભવો એકબીજા સાથે શેર કરવાનો છે જેથી સુરક્ષિત ટ્રેન સંચાલન શક્ય બને.

### શિનોર તાલુકા પંચાયતની સામાન્ય સભાના મિટિંગ ના એજન્ડા ગમે તે કારણોસર ઘણા હોદ્દેદારો તથા સભ્યોને મળ્યાના હોવાથી

## આ સામાન્ય સભા મુલતવી રાખવા માટે સભ્ય દ્વારા લેખિતમાં તાલુકા વિકાસ અધિકારી શિનોરને જાણ કરેલ

**હસમુખ પટેલ સાધલી.**

શિનોર તાલુકા પંચાયતની સામાન્ય સભાના મિટિંગ ના એજન્ડા ગમે તે કારણોસર ઘણા હોદ્દેદારો તથા સભ્યોને મળ્યાના હોવાથી આ સામાન્ય સભા મુલતવી રાખવા માટે સભ્ય દ્વારા લેખિતમાં તાલુકા વિકાસ અધિકારી શિનોર ને જાણ કરેલ છે.



શિનોર તાલુકા પંચાયતની સામાન્ય સભાના એજન્ડા તારીખ ૩૧ ઓગસ્ટ ૨૦૨૪ ના રોજ કાઢ્યા હોવાનું એજન્ડા પર દેખાય છે ,પરંતુ હકીકતમાં તારીખ ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૪ સુધી ઘણા હોદ્દેદારો તથા સભ્યોને કાર્ય સૂચીના ૧૦ મુદ્દા બાબતનો એજન્ડા મળેલ નથી, જેમાં ઘણા વિકાસ લક્ષી કામોના મુદ્દાઓ છે. એક સદસ્ય દ્વારા નાયબ જિલ્લા વિકાસ અધિકારીને રૂબરૂમાં અને લેખિતમાં રજૂઆત કરેલ છે કે ચૂંટાયેલા સભ્યોને નિયમ મુજબ સમય મર્યાદામાં એજન્ડા મળેલા નથી ,અવાખલ બેઠકના સદસ્ય લલીતભાઈ કાનજીભાઈ વસાવા એ લેખિતમાં આજરોજ તારીખ ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૪ તાલુકા વિકાસ અધિકારીને સભ્યોને એજન્ડા મળ્યા ના હોવાથી સભા મુલતવી રાખવા માટે જણાવેલ છે. તાલુકા વિકાસ અધિકારી કે.ટી ઠક્કરને આ બાબતે પૂછતાં જાણવા મળ્યું કે એજન્ડા તારીખ ૩૧ ઓગસ્ટના કાઢેલા છે ,પોસ્ટમાં મોકલેલા છે ,જાવક નંબરમાં તેની નોંધ છે ,નોટિસ બોર્ડ પર જાહેરમાં મુકેલા છે ,અને આજરોજ ગ્રુપમાં પણ એજન્ડાની નકલ મુકવામાં આવેલ છે ,

અને ટેલીફોન થી પણ આજે સભ્યોને જાણ કરવામાં આવેલ છે. કોઈપણ ચૂંટાયેલા સભ્યોને અન્યાય ન થાય તે જોવાની મારી ફરજ છે ,અને તેથી એજન્ડા ના મળ્યા ની મને ફરિયાદ મળતા મેં આજે ગ્રુપમાં એજન્ડા મોકલેલ છે.

## 'કુદરતી ઉપચાર સર્વરોગ નિદાન કેમ્પ હડાળા ગામે યોજાઈ ગયો'

**રિપોર્ટ નટવરલાલ ભાતિયા**



બગસરા વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ બગસરા ની પ્રેરણાથી અનુભૂતિ ટ્રસ્ટ ભાવનગર ના આર્થિક સહયોગથી વીર જવાન ચેરીટેબલ ટ્રસ્ટ હડાળા તથા જ્યોતિ મહિલા વિકાસ સંગઠન હડાળા આયોજિત કુદરતી ઉપચાર સર્વરોગ નિદાન સારવાર કેમ્પ નું આયોજન કરવામાં આવેલ તેમાં રાજકોટ થી ડો.હિતેશભાઈ પરમાર તથા ડો.કૃતિબેન પરમાર તથા અમદાવાદ થી ડો.સાક્ષીબેન સિંગલા આ કેમ્પમાં વિશ્વ વાત્સલ્ય માનવસેવા ટ્રસ્ટ ના મેનેજિંગ ટ્રસ્ટી દેવચંદભાઈ સાવલિયા તથા વીર જવાન ચેરીટેબલ ટ્રસ્ટ હડાળા ના પ્રમુખશ્રી પ્રફુલભાઈ દેવાણી તથા હડાળા ગામના સરપંચ શ્રી પુનાભાઈ પાઘડાળ ઉપસ્થિત રહ્યા હતા .આ કેમ્પમાં ૮૫ દર્દીઓ એ લાભ લીધો હતો. આ કેમ્પ ને સફળ બનાવવા માટે આયોજકો તેમજ ગામના સ્થાનિક યુવાનો એ ભારે જહેમત ઉઠાવી હતી.

## કરજણ તાલુકાના કોઠાવ ગામ ખાતે કરજણ-શિનોરના ધારાસભ્ય અક્ષય પટેલની અધ્યક્ષતામાં સેવા સેતુ ૨૦૨૪ અંતર્ગત કાર્યક્રમ યોજાયો




**હસમુખ પટેલ સાધલી.**

કોઠાવ મુકામે ૧૦ માં તબક્કાનો સેવા સેતુ કાર્યક્રમ આજરોજ તારીખ ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૪ તાલુકામાં શુભારંભ થયેલ છે. ધારાસભ્ય અક્ષય પટેલે દીપ પ્રાગટ્ય કરી શુભારંભ કરાવેલ હતો. આ કાર્યક્રમમાં પત્રક - અ સરકારના વિવિધ ૧૩ વિભાગોની કુલ ૫૬ સેવાઓ અને પત્રક -બ ની રાજ્યના જુદા જુદા વિભાગોની યોજનાકીય માહિતીની વિગતો પૂરી પાડવાની હતી. પરંતુ સમયનો અભાવ અને અપૂરતા સ્ટાફ ના કારણે પૂરેપૂરી સેવાઓ અને માહિતી આપી શકાય નહોતી.આ કાર્યક્રમ માં ધારાસભ્ય અક્ષય પટેલ જિલ્લા ભાજપા પ્રમુખ સતિષભાઈ પટેલ, કરજણ ભાજપા પ્રમુખ જયદીપસિંહ ચૌહાણ તાલુકા પંચાયત પ્રમુખ શૈલેષાબેન પટેલ ,કરજણ પ્રાંત અધિકારી ,ટી.ડી.ઓ. જિલ્લા પંચાયતના કાર્યપાલક ઈજનેર સહિત તમામ વિભાગ ના અધિકારીઓ, તાલુકા પંચાયત સભ્ય રોહન પટેલ અને ભાજપ ના હોદ્દેદારો, કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા,તમામે સ્વચ્છતા ના શપથ લીધા અને એક પેડ માં કે નામ અંતર્ગત વૃક્ષા રોપણ પણ કર્યું . આંગણવાડી નો સ્ટોલ આકર્ષણ રૂપ બન્યો હતો.

## કરજણ નગરમાં ધારાસભ્ય અક્ષયભાઈ પટેલની અધ્યક્ષતામાં સ્વચ્છતા હી સેવાનો કાર્યક્રમ આજરોજ યોજવામાં આવ્યો




**હસમુખ પટેલ સાધલી.**

ગુજરાત ભરમાં સેવા, સ્વચ્છતા અને પર્યાવરણ રક્ષણના ત્રણ અભિયાન ,સ્વચ્છતા હી સેવા ૨૦૨૪ તારીખ ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૪ થી તારીખ ૩૧ ઓક્ટોબર ૨૦૨૪ સુધી યોજાનાર છે .આજરોજ તારીખ ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૪ કરજણ નગરમાં ધારાસભ્ય અક્ષયભાઈ પટેલની અધ્યક્ષતામાં આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સ્વભાવ સ્વચ્છતા અને સંસ્કાર સ્વચ્છતા ના ધ્યેય સાથે આ ૧૦ મુ સ્વચ્છતા હી સેવા અભિમાન શરૂ કરાયેલ છે. સફાઈ - સ્વચ્છતા ની શ્રેષ્ઠતા માટે જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ પુરસ્કાર પણ આપવામાં આવશે. વડાપ્રધાન શ્રી નો સંકલ્પ એક પેડ માં કે નામ જન - જન સુધી પહોંચાડવામાં આવે છે. કરજણ મુકામે નગર પાલિકા ના ચીફ ઓફિસર સહિત નો સ્ટાફ તથા ભાજપ ના કાર્યકરો મોટી



સંખ્યામાં જોડાયા અને સ્વચ્છતા અંગે ના શપથ પણ લીધા હતા. એક પેડ માં કે નામ અંતર્ગત ધારાસભ્યના હસ્તે વૃક્ષા રોપણ કાર્યક્રમ પણ કરવામાં આવ્યો.

printed By JAIN PANKAJKUMAR DHANKUMAR, And Published By JAIN PANKAJKUMAR DHANKUMAR, on Behalf OF JAIN PANKAJKUMAR DHANKUMAR, And Printing At Janta Ki Awaaz Offset Company, Address : AT: &PO Vansi, Ta & Dit. Bharuch-Pin: 392160. Place Of Publication : 23 MANMOHANPARK, VAGHODIYA, TA. VAGHODIYA DIST. VADODARA, GUJARAT : VOLUME:262- EDITOR IN CHIEFB: NILESH PATHAK